**માન. અધ્યક્ષશ્રી,**

માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા નિયમ ૧૨૦ મુજબ જે સંકલ્પ લઈને આવ્યા છે. એના સમર્થનમાં મારા વિચારો રજુ કરૂં છું.

આપણી રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૬ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ગીતા સારનો સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તે બદલ શિક્ષણ વિભાગ અને રાજ્ય સરકારને હું અભિનંદન આપું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

આ અંગેના નિર્ણયને લોકો પણ આવકારે છે અને લોકો અપેક્ષા રાખે છે કે તેમની અમલવારી સંપૂર્ણ અને અસરકારક રીતે થાય.

આ ગૃહની અંદર બેઠેલા તમામ સભ્યશ્રીઓ શ્રીમદ્ ભાગવત ગીતા શું છે તે જાણે અને સમજે છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે, આપણો જન્મ ભારતની પવિત્ર ભુમિ ઉપર થયો છે. એનું આપણને ગૌરવ છે.

શ્રીમદ્ ભાગવત ગીતા એ ભારતની અસ્મિતાનું અમર ગીત છે. જે ભગવાન શ્રી કૃષ્ણએ ૫૦૦૦ વર્ષ પહેલા વિતી ગયા હોવા છતાં આ ગીત દરેક માનવીને માર્ગ બતાવે છે. મહાભારતના યુધ્ધમાં એક શ્લોકમાં જણાવ્યું છે કે,

**ગીતા શાસ્ત્રમ ઇદમ પુણ્યં ચહ પઠેત પ્રયતહ પુમાન**

**વિષ્ણોહ પદમ અવાપ્નોતિ ભય શોકાદી વર્જીતહ**

એટલે કે, શ્રીમદ્ ભાગવત ગીતા વાંચવાથી વ્યક્તિને ભય અને દુઃખમાંથી મુક્તિ મળે છે. આજે માણસ માત્ર બે સમસ્યાઓથી પીડાય છે. ભવિષ્યનો ડર અને ભુતકાળનું દુઃખ. શ્રીમદ્ ભાગવત આ બન્ને સમસ્યાઓમાંથી બહાર નિકળવાનો ઉપાય આપે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

અભિમન્યુ એ તેની માતા સુભદ્રાના ગર્ભમાંથી જ ચક્રવ્યુહના સાત કોઠા ભેદવાની વિદ્યા શીખી હતી. ચક્રવર્તી સમ્રાટ શિવાજી મહારાજને તેમના માતા જીજાબાઈ એ ધર્મ અને વિરતા ના પાઠ શીખવ્યા હતા.

**માન. અધ્યક્ષશ્રી,**

આ મહાન ગ્રંથમાં એવું પણ જાણવા મળે છે કે, કુરૂક્ષેત્રના યુધ્ધમાં ભગવાન શ્રી કૃષ્ણ માત્ર સારથી જ નહીં પરંતુ મનોવિજ્ઞાનીની ભુમિકા પણ ભજવી રહ્યા છે. જ્યારે અર્જુન રણભુમિ ઉપર ડીપ્રેશનમાં પીડાતા હતા ત્યારે શ્રી કૃષ્ણએ અર્જુનની આખી સમસ્યા ખુબ જ સહજ ભાવથી સાંભળી અને પછ સમસ્યા પ્રમાણે જવાબો આપ્યા.

**માન. અધ્યક્ષશ્રી,**

આખી શ્રીમદ્ ભાગવત ગીતા પ્રશ્નો અને જવાબોમાં સમાયેલી છે. આજના પરિપ્રેક્ષ્યમાં વિદ્યાર્થીઓ માટે આ ઉત્તમ સાહિત્ય છે.

આમ તો, ૧૮ અધ્યાયો અને ૭૦૦ શ્લોકથી ભાગવત ગીતાનો પવિત્ર ગંથ બનેલો છે. પરંતુ એનો જો કોઈ વ્યક્તિ દ્વારા અભ્યાસ અને અમલ કરવામાં આવે તો મનુષ્ય ખુબ જ પ્રામાણિકતાથી અને આધ્યાત્મિક રીતે જીવન પસાર કરી શકે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્ય અને દેશ ખુબ જ પ્રગતિના પંથે આગળ વધી રહ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીને સ્વિકારવું પણ જરૂરી છે પણ ભારતની જે સંસ્કૃતિ અને સંસ્કાર છે. તે પ્રાચીનકાળથી છે અનેક ગ્રંથોમાં ભારતનું અપાર રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આમાં કોઈની ભુલ નથી. આપણું બાળક મા ના કુખે જન્મ લીધા પછી ૩ થી ૫ વર્ષનું થાય એટલે જુનિયર કે.જી અને સિનિયર કે.જી. થી એની શરૂઆત થાય, હરીફાઈના જમાનામાં ગુજરાતી પાઠશાળાને ભુલીને તરત અંગ્રેજી મીડીયમ ચલાવતી પાઠશાળાને શોધીએ છીએ પરંતુ તેને ધર્મ નું જ્ઞાન આપવાનું વિચારતા નથી.